# સાંદીપનિ - વાલ્મીકી - વેદવ્યાસ - અત્રિ - વશિષ્ટ - વિશ્વામિત્ર શાળા વિકાસ સંકુલ, મહેસાણા

તારીખ : ૨૯/૦૧/૨૦૨૪
વાર : સોમવાર

## દ્વિતીય વાર્ષિક પરીક્ષા : ૨૦૨૩-૨૪

ધોરણ : ૧૧ વિષય : ગુજરાતી

કુલ ગુણ : ૫૦
સમય : ૨ કલાક

સૂચના : (1) બધા જ વિભાગ તથા પ્રશ્નો ફરજિયાત છે.
(2) જમણી બાજુના આંકડા પ્રશ્નોના કુલ ગુણ દર્શાવે છે.
(3) પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચી નિયત સમયમાં પૂર્ણ કરો.
(4) પ્રશ્નપત્રમાં ક્યાંય પણ જવાબ કે નિશાની કરવી નહીં.

---

### વિભાગ - A (પદ્ય આધારિત)

★ **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.** 1

(1) 'વનમાં ચાંદલિયો ઊગ્યો' કાવ્યનું સાહિત્ય સ્વરૂપ જણાવો.

(A) ઊર્મિકાવ્ય (B) પદ (C) લોકગીત (D) ખંડકાવ્ય

★ **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો.** 2

(2) ચકવાકી કયાં છુપાઈ જાય છે ?

(3) પણ બપોરે શું કરે છે ?

★ **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ - ચાર વાક્યમાં ઉત્તર આપો.** 2

(4) પહેલાં ઝાડવાને ફળિયું છોડીને શા માટે જંગલમાં જવું છે ?

★ **નીચે આપેલા પશ્નોના સવિસ્તર ઉત્તર લખો.** 4

(5) 'પરાજયની જીત' શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

<u>અથવા</u>

(5) 'ભજન કરે તે જીતે' કાવ્યનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

### વિભાગ - B (ગદ્ય આધારિત)

★ **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.** 1

(6) 'તપસ્વી સારસ્વત' પાઠના લેખકનું નામ જણાવો.

(A) કે.કા. શાસ્ત્રી (B) જ્યોતિન્દ્ર દેવ (C) ભરત ભટ્ટ (D) ચંદ્રકાન્ત શેઠ

★ **નીચે આપેલા પ્રશ્નનો ઉત્તર એક વાક્યમાં લખો.** 2

(7) દક્ષિણામૂર્તિ સંસ્થામાં કયા - કયા દિવસોની ઉજવણી કરવામાં આવે છે ?

(8) સ્ટેચ્યૂ કહેવામાં કોણ ઉસ્તાદ હતું ?

★ **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ- ચાર વાક્યોમાં ઉત્તર લખો.** 2

(9) અલી ડોસો હોશિયાર શિકારી હતો તેમ શા પરથી કહી શકાય ?

★ **નીચે આપેલ પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો.** 4

(10) પ્રતિકૂળ સંજોગોમાં જીભ આનંદથી રહેવાનું શી રીતે શીખવે છે ?

<u>અથવા</u>

(10) 'કર્મનો હિસાબ દરેકે ચૂકવવો જ પડે છે.' આ વિધાન 'વાત એક શાપની' કૃતિના આધારે સમજાવો.

### વિભાગ - C (વ્યાકરણ)

★ **નીચેના વાક્યમાંરેખાંકિત શબ્દમાં બંધબેસતો પ્રત્યય મુકી વાક્ય ફરીથી લખો.** 1

(11) અલી હોંશિયાર <u>શિકાર</u> હતો.

★ **નીચેના વાક્યને કૌંસમાં માગ્યા પ્રમાણે પરિવર્તન કરી ફરીથી લખો.** 1

(12) અધિકાર થાકી જાય છે. (ભાવે વાક્ય બનાવો.)

★ **નીચેના વાક્યને કૌંસમાં દર્શાવ્યા મુજબ વાક્યોનું પરિવર્તન કરો.** 1

(13) મને દરજીનું કામ ઠેકાણું આપ્યું. (આજ્ઞાર્થ વાક્ય બનાવો.)

★ **નીચેનું વાક્ય લેખનરૂઢિ અને ભાષા શુદ્ધિની દ્રષ્ટિએ સુધારી ફરીથી લખો.** 1

(14) બાના આંખોમાંથી સરાયણભાદરવા વરસતા હતા.

Master Classes Chirag Prajapati 9824149446

★ નીચેના વાક્યોમાં રેખાંકિત શબ્દના સ્થાને તેનો વિરુધ્ધાર્થ શબ્દ લખી, વાક્યનો અર્થ બદલા નહીં તે રીતે ફરી થી લખો. (ગમે તે બે) 2

(15) આપણે બધું ખાનગીમાં કરીશું.

(16) પરાજિત કલિંગમાં ચુપકીદી છવાઈ રહી.

(17) તમારી વાત કદાચ ખોટી નહિ હોય.

★ નીચે આપેલા શબ્દોમાંથી કોઈપણ બે તળપદા શબ્દોના શિષ્ટભાષાના શબ્દ લખો. 2

(18) પરતાપે (19) ભેરુ (20) દન

★ નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે બે) 2

(21) ગેલમાં આવી જવુ (22) દિશા મળી જવી

(23) ડઘાઈ જવું

★ નીચેનાં ગદ્યખંડને વિચાર-વિકાસના યોગ્ય ક્રમમાં ગોઠવી ફરીથી લખો. 2

(24) એ મોબાઈલ સામે તાકી રહ્યો. રમણિકલાલ સામે નજર મેળવાની હવે હેમંતમાં હિંમત ન હોતી. આંખોમાં આશા આંજીને રમણિકલાલ એની સામે જોઈ રહ્યા હતા.

## વિભાગ - D (અર્થગ્રહણ)

★ નીચે આપેલ કાવ્ય વાંચી નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર લખો. 4

"છેલ્લું
સ્ટેશન આવવાની પ્રતીક્ષામાં
બારીનો કાચ ઊંચો કરી
થાંભલા ગણ્યા કરું છું
એક પછી એક
પ્લેટફોર્મ આવતું જાય છે
પણ એમાંનું એકેય પરિચિત નથી.
મને ખબર છે
છેલ્લું સ્ટેશન આવતાં પહેલાં
નદી આવે છે.
લાલલીલી ઝંડીઓ ફરકે છે
પણ
રંગ ઓળખવાનું હું ભૂલી ગયો છું
ને
ભૂલી ગયો છું છેલ્લા સ્ટેશનનું નામ.

- મફત ઓઝા

પ્રશ્નો :

(25) કવિ શેની પ્રતીક્ષામાં છે ?

(26) છેલ્લું સ્ટેશન આવતાં પહેલાં શું આવે છે ?

(27) છેલ્લા સ્ટેશનની પ્રતીક્ષામાં કવિ શું ભુલી ગયા છે ?

(28) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

★ નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. 4

જ્ઞાન જ્યારે માનવીના મનને કોઈ ચોક્કસ માળખા સાથે પ્રતિબધ્ધ કરતી પરંપરાઓમાં પરિવર્તિત થાય છે ત્યારે તે હાનિકારક બને છે. કેમ કે એ માનવીઓને વિભાજિત કરે છે. તેમની વચ્ચે દુશ્મનાવટ સર્જે છે અને સત્યની ઊંડી શોધને અવરોધ છે. શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ વ્યક્તિ સ્વસ્થપણે તટસ્થ રીતે વિચારી શકે તથા સમસ્યાઓના સમગ્ર રીતે ઉકેલ લાવવાની બુધ્ધિશક્તિ વિકસાવી શકે તે છે ! વિચારો નહીં પણ વિચારોની પ્રક્રિયાનું શિક્ષણમાં મહત્ત્વનું સ્થાન છે. કેળવણીકારોએ તદ્દન આરંભથી પ્રેમથી શક્તિનો એટલે કે નમ્રતા, સજ્જનતા, વિચારશીલતા, ધૈર્ય અને વિવેકનો વિકાસ કરવો જોઈએ.

- જે. કૃષ્ણમૂર્તિ

Master classes Chirag Prajapati 98241 49446

પ્રશ્નો :

(29) જ્ઞાન ક્યારે હાનિકારક બને છે ?

(30) શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ શું છે ?

(31) શિક્ષણમાં શાનું સ્થાન મહત્ત્વનું છે ?

(32) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

## વિભાગ - E (લેખન સજ્જતા)

★ **નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર આપેલ મુદ્દાઓ આધારિત આશરે 200 શબ્દોમાં નિબંધ લખો.** 8

(33) ભ્રષ્ટાચાર : રાષ્ટ્રવ્યાપી કેન્સર

મુદ્દા :- પ્રસ્તાવના - ભ્રષ્ટાચારનાં ક્ષેત્રો - ભ્રષ્ટાચારીઓ અને તેઓનાં અધમ કૃત્યો - ભ્રષ્ટાચાર આચરવાનાં કારણો - ભ્રષ્ટાચાર દૂર કરવાના ઉપાયો - ઉપસંહાર

<u>અથવા</u>

(33) મારો યાદગાર પ્રવાસ :

મુદ્દા :- પ્રસ્તાવના - પ્રવાસનાં સ્થળો - મુલાકાત - માહિતી પ્રાપ્તિ - લાભ - યાદગીરી - સમાપન.

<u>અથવા</u>

(33) શિયાળાની સવાર :-

મુદ્દા :- પ્રસ્તાવના - સવારનું વાતાવરણ - ગામડાનું વાતાવરણ - શહેરનું વાતાવરણ - શિયાળાની સવારનું મહત્ત્વ - સૂર્યોદય સમયનું વાતાવરણ - ઉપસંહાર

★ **નીચેના વિષય પર આશરે 100 શબ્દોમાં અહેવાલ લખો.** 4

(34) તમારી શાળામાં 'સ્વયંશિક્ષક દિનની' ઉજવણી કરવામાં આવી તેના વિશે આશરે 100 શબ્દોમાં લખો.

<u>અથવા</u>

★ **નીચેની પંક્તિનો અર્થ વિસ્તાર કરો.**

(34) "હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે અડગ દિલના ગુપ્ત બળથી."

●●●●●

Master Classes Chirag Prajapati 9824149446